ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક R.N.I. No. GUJGUJ/2014/58245 Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૦૭ ● તંત્રી : હરીશ રાણા ● સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૧૫-૦૫-૨૦૧૭ સોમવાર ● કિંમત : રૂા. ૧.૦૦ ● પાના : ૪

## રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરે ક્રિષ્ણા વૃદ્ધાશ્રમને કોમ્પ્યુટર અને વૈદિક પુસ્તકો ભેટ આપ્યા




ગાંધીનગર

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં સેક્ટર-૬ સ્થિત ક્રિષ્ણા વૃદ્ધાશ્રમના વૃદ્ધો સાથે મુલાકાતનો એક કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે રોટરી ક્લબ દ્વારા વૃદ્ધાશ્રમને વહીવટી કામ માટે એક કોમ્પ્યુટર ભેટ આપવામાં આવ્યું હતું. ૩૦ જેટલા વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમમાં સતત સમય પસાર કરવો પણ એક સમસ્યા જ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને તેઓને સારું, આનંદદાયક, જ્ઞાનવર્ધક અને મનને શાંતિ આપનારું વૈદિક સાહિત્ય પણ ભેટ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ અને વૈદિક પરિવારના મુખ્ય સંયોજક શ્રી અરવિંદભાઈ રાણાએ વડિલોને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે આપણા પ્રાચીન ભારતીય પરંપરામાં ચાર પ્રકારનાં આશ્રમની વ્યવસ્થા હતી. બાળપણમાં બ્રહ્મચર્યાશ્રમ, ગુરૂકુળમાં અભ્યાસ બાદ બાળકો ભણીને ઘરે આવે પછી ગૃહસ્થાશ્રમ, બાળકોને ઘરે બાળકો થઈ જાય પછી વાનપ્રસ્થાશ્રમ અને અંતમાં વૈરાગ્યની ઉંચી સ્થિતિ બની જતાં સન્યાસ આશ્રમ. આમ, માનવ જીવન ચાર પડાવોમાં વહેંચાયેલું હતું. આજે આપણી વર્ણાશ્રમ પરંપરા લુપ્ત થઈ ગઈ છે ત્યારે ગુરૂકુળોનાં અભાવમાં બાળકોને નૈતિક શિક્ષણ ન મળતાં જ્યારે તેઓ યુવાન બને છે ત્યારે તેમનું નૈતિક સ્તર ખૂબ નીચું હોય છે. પરિવારોમાં વિચારભેદ અને પછી ધીમે ધીમે મનભેદ ઉભા થવા લાગ્યા છે. બાળકોની અને વડિલોની સહનશક્તિ અને સમજણ શક્તિ બંને ઘટતી જવાથી પરિવારો તૂટતા જાય છે. જેના પરિણામે બાળકો માતા-પિતાને તરછોડતા અચકાતા નથી. જેના પરિણામ સ્વરૂપે આવા વૃદ્ધાશ્રમોની જરૂરત ઉભી થઈ છે.



તેમણે વધુમાં જણાવ્યું હતું કે વૃદ્ધો સ્વેચ્છાએ ઘર છોડીને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ માટે વાનપ્રસ્થ આશ્રમોનું નિર્માણ કરે

**(અનુસંધાન પાન-૩ ઉપર)**

## મુખ્યમંત્રીશ્રીને ગુજરાતી ભાષામાં વેદ અર્પણ કરાયો

ગુજરાત સરકાર દ્વારા લોકોમાં વાંચનની વૃત્તિ કેળવાય, વાંચન પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે, એક સ્થળે વિવિધ વિષયોનું સાહિત્ય સરળતાથી ઉપલબ્ધ થાય તેવા આશયથી પુસ્તક મેળાનું આયોજન કરે છે.

આ વર્ષે પણ ગત ૧ થી ૭ મે, ૨૦૧૭ દરમ્યાન એક પુસ્તક મેળાનું આયોજન જીએમડીસી પાસે યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં આવેલ કોન્વેન્શન હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ પુસ્તક મેળામાં બાળકોથી લઈને વૃદ્ધો સુધી સૌને ઉપયોગી થાય તેવા વિવિધ વિષયોનાં વિવિધ નામી, અનામી લેખકોનાં પુસ્તકો, ઓડીયો-વિડીયો સીડી વગેરે ઉપલબ્ધ હતા.

આવા પુસ્તક મેળાઓમાં લાખો લોકો મુલાકાતે આવતા હોય છે. આ વૈદિક સાહિત્યનાં પ્રચારનો સારો અવસર કહી શકાય. એટલા માટે જ વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વૈદિક સાહિત્યનાં વેચાણ તથા નિઃશુલ્ક વિતરણ માટે બે સ્ટોલ બુક કર્યા હતા.

ગુજરાતનાં મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ વૈદિક સ્ટોલની મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે તેમને સ્ટોલ ઉપર ઉપલબ્ધ કાર્યકર્તાઓ દ્વારા ગુજરાતી ભાષામાં અનુવાદ કરેલ વેદ ભેટ આપવામાં આવેલ. અત્રે એ ઉલ્લેખનીય છે કે સૌથી પહેલાં જ્યારે ગુજરાતી ભાષામાં યજુર્વેદ પ્રકાશિત થયો હતો ત્યારે તેનું વિમોચન તત્કાલિન મુખ્ય મંત્રી અને હાલનાં વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.



આ વખતે વૈદિક સ્ટોલ ઉપરથી હજારો રૂપિયાનું સાહિત્ય નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

પુસ્તક મેળામાં વાનપ્રસ્થા જ્યોતિબહેન, રાજમલ્હોત્રા, પ્રતિભાબહેન, જયવિદ્યાબહેન, પન્નાબહેન, શ્રી સંજયભાઈ પ્રજાપતિ, શ્રી સત્યવ્રતજી શ્રીવાસ્તવ, શ્રી ગિરીશભાઈ, શ્રી હેમંતભાઈ, શ્રી શૈલેષભાઈ વગેરેએ પોતાની સેવાઓ પ્રદાન કરી હતી.

# ન્યાય સમયસર મળે તો જ કામનો

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં નિર્ભયા ગેંગરેપ કેસનો ચુકાદો આપ્યો. અપરાધિઓની મૃત્યુ દંડની સજા યથાવત રાખવામાં આવી. મહિલાઓ સાથેના આવા દુર્વ્યવહારની આવી આકરી સજા હોવી જ જોઈએ. જ્યાં સુધી લોકોને સજાનો ભય નહીં રહે ત્યાં સુધી ગુના થતા અટકવાના નથી. સમાજ ક્યારેય પૂરેપૂરો સુધરેલો હતો નહીં, સુધરેલો છે નહીં અને સુધરવાનો પણ નથી.

કેટલાક એવા અસમાજિક તત્વો ભૂતકાળમાં હતા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેવાના જ છે. આને કોઈ રોકી શકવાનું નથી. હા, સમયે સમયે સજ્જનોની સંખ્યા વધી જાય ત્યારે સમાજમાં સુખ, શાંતિ, આનંદનું વાતાવરણ જોવા મળે છે. સજ્જનો ઓછા હોય પણ જો કાયદો કડક હોય, તેનું પાલન કડકાઈથી થતું હોય તો પણ સમાજમાં સુખ, શાંતિની સ્થિતિ જોવા મળી શકે છે.

આપણા દેશમાં કાયદો સારો છે. પરંતુ તેનું અમલીકરણ જોઈએ તેટલું સારું નથી. વળી આટલા મોટા દેશમાં ક્યાંક અમલીકરણ સારું હોય છે ત્યાં કોર્ટ દ્વારા વિલંબ થવાની ઘટનાઓ

## સંપાદકીય.. - અરવિંદ રાણા

બનતી હોય છે. જેના કારણે અપરાધિઓમાં ભયનો માહોલ ઉભો કરવામાં સફળતા મળતી નથી. ઘણી ઘટનાઓમાં તો ૨૫-૨૫ વર્ષોથી કેસો ચાલતા હોય છે. અપરાધીને સમયસર સજા મળતી ન હોવાથી તેઓ ગુના આચરવાનું બંધ કરતા નથી.

નિર્ભયા કાંડ તો સમગ્ર દેશમાં ચર્ચિત બની ગયો હતો. દેશવાસીઓ જાગૃત બની તેની સામે જંગે ચઢ્યા હતા. સરકાર ઉપર અને ન્યાયતંત્ર ઉપર બહુ મોટું દબાણ ઉભું થયું હતું. તેમ છતાં ૧૬મી ડિસેમ્બર, ૨૦૧૨નાં રોજ બનેલી આ અપરાધની ઘટનાનો ચુકાદો એ પણ સામાન્ય કોર્ટ નહીં પરંતુ ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા પ્રથમ ચુકાદો ૯ માસ બાદ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૩નાં રોજ આવ્યો. ચારેય અપરાધીને ફાંસી આપવાનો નિર્ણય થયો.

ત્યારબાદ કેસ હાઈકોર્ટમાં ચાલ્યો. ત્યાં પણ ફાંસીની સજા યથાવત રાખવામાં આવી. પછી સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ થયો. ગત ૫મી મેનાં રોજ સુપ્રીમ કોર્ટે પણ ફાંસીની સજા યથાવત રાખી. આ કેસમાં હજુ સુધી ફાંસી આપવામાં આવી નથી. હજુ અપરાધીઓ છૂટવાના ઉપાયો શોધશે. ૨૦૧૨માં થયેલો સમગ્ર દેશને હચમચાવી નાંખનાર ગુનાના અપરાધિઓને ૨૦૧૭માં પણ સજા મળી નથી. હજુ ક્યારે તેમને ફાંસીએ લટકાવવામાં આવશે તે તો સમય જ કહેશે. પરંતુ ન્યાયની આવી વિલંબભરી પ્રક્રિયાથી દેશવાસીઓને છૂટકારો મળે તો સમયની માંગ છે.

**સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકનાં તત્વાવધાનમાં**

# વૈદિક મહાસભા દ્વારા રાજકોટમાં વેદ કથાનું આયોજન કરાયું

વૈદિક મહાસભા, રાજકોટ દ્વારા આગામી ૨૫ થી ૨૮મી મે, ૨૦૧૭ દરમ્યાન વેદ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આર્યજગતનાં સુપ્રસિદ્ધ દાર્શનિક સંન્યાસી સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકની અમૃતવાણીથી વેદની ઋચાઓને સમજવાનો આ અનેરો અવસર રાજકોટના વેદપ્રેમીઓને મળવાનો છે.

આ અંગે વધુ માહિતી આપતાં વૈદિક મહાસભાનાં અધ્યક્ષ શ્રી સુરેશભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે કાલાવાડ રોડ સ્થિત નૂતન નગરના પ્લોટ નં. ૯ ખાતે આ વેદ કથા યોજાશે.

૨૫મી મેનાં રોજ સાંજે શરૂ થનારી આ કથા દરરોજ બે સત્રોમાં યોજાશે. વધારે માહિતી માટે શ્રી સુરેશભાઈ ચાવડાનો મોબાઈલ નંબર ૯૨૨૭૫ ૧૩૧૨૯ અથવા ૯૯૨૫૯ ૧૩૧૨૯ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

# કુશળતા પ્રાપ્ત કરવી હોય તો અભ્યાસનો કોઈ વિકલ્પ નથી

## નવું શીખવા માટે તો અભ્યાસ જરૂરી છે જ, પણ શીખેલું જ્ઞાન સ્થિર રાખવા માટે સમયાંતરે અભ્યાસ કરતા રહેવું એટલું જ જરૂરી છે

સફળતા પ્રાપ્ત કરવા માટે લક્ષ્યનું હોવું અનિવાર્ય છે. લક્ષ્ય નિર્ધારિત કર્યા બાદ લક્ષ્ય પ્રત્યે પૂર્ણશ્રદ્ધા અર્થાત્ દૃઢ વિશ્વાસ હોવો જોઈએ. એવો વિશ્વાસ કે લક્ષ્ય પ્રાપ્ત કર્યા પછી મારું જીવન સુખી, શાંત, સ્થિર, આનંદિત બની જશે. હું બીજાના સહારે નહીં પરંતુ સ્વતંત્રરીતે જીવન જીવી શકીશ. મારી યોગ્યતા વધતા હું અર્થ ઉપાર્જન કરવામાં સક્ષમ બની જઈશ. મારી જરૂરિયાતો અને ઈચ્છાઓની પૂર્તિ કરવામાં સક્ષમ બનવું હશે તો મારે નિર્ધારિત કરેલ લક્ષ્ય પ્રાપ્ત કર્યા વગર છૂટકો જ નથી. આવો વિચાર કરી દૃઢ સંકલ્પ સાથે અભ્યાસમાં લાગી જવું જોઈએ.

હા, લક્ષ્ય પ્રાપ્તિ માટે, સફળતા માટે શ્રદ્ધા બાદ બીજો તબક્કો છે અભ્યાસનો. અભ્યાસ કર્યા વગર કોઈ વ્યક્તિ ક્યારેય નિષ્ણાત બની શકતી નથી. વારંવાર અભ્યાસ કરતા રહેવાથી જ વ્યક્તિ અનુભવી અને જ્ઞાની બની શકે છે. કુશળતા પ્રાપ્ત કરવી હોય તો અભ્યાસનો કોઈ વિકલ્પ નથી.

યોગ દર્શનમાં મહર્ષિ પતંજલિએ અભ્યાસની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે **તત્ર સ્થિતૌ યત્નોભ્યાસઃ** અર્થાત્ તે સ્થિતિને પ્રાપ્ત કરવા માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તેને અભ્યાસ કહે છે. યોગ શાસ્ત્રમાં તો સમાધિની સ્થિતિને પ્રાપ્ત કરવાની વાત છે. પરંતુ આ નિયમ બધે જ લાગુ પડે છે. યોગીનું લક્ષ્ય મનને રોકવાનું છે, સમાધિ પ્રાપ્ત કરીને ઈશ્વર સાથે સંબંધ જોડવાનું છે. જન્મ જન્માન્તરમાં કુસંસ્કારો, અવિદ્યાના સંસ્કારોને ભસ્મિભૂત કરવા યોગી અભ્યાસ કરે છે.

આપણે તો અત્યારે અભ્યાસ અર્થાત્ આપણા ભણતરની વાત કરીએ છીએ. યોગ વિદ્યા હોય કે શાળા-કોલેજોમાં ભણાવવામાં આવતી વિદ્યા હોય કોઈપણ વિષયને સમજવો હોય તો અભ્યાસ કરવો જ પડે છે. અભ્યાસ કર્યા વગર

**સફળતાનું રહસ્ય**



**લેખક અરવિંદ રાણા**

કશું સમજમાં આવતું નથી. કોઈ કળા શીખવી હોય તો પણ અભ્યાસથી જ શરૂઆત કરવી પડે છે.

આપણે નાના હતા ત્યારે સાયકલ ચલાવતા શીખ્યા હતા. શું પહેલા દિવસથી જ, જ્યારે આપણે પહેલી વખત સાયકલનો સ્પર્શ કર્યો ત્યારથી જ આપણને સાયકલ ચલાવતા આવડી ગઈ હતી ? ના, આ માટે આપણે અભ્યાસ કર્યો હતો. અનેક વાર પડ્યા હોઈશું, અનેક વાર સાયકલ રસ્તા ઉપરથી ઉતરીને નીચે ખાડા-ટેકરાવાળી જમીન ઉપર આવી ગઈ હશે. પરંતુ આપણે અભ્યાસ ચાલુ જ રાખ્યો, જેના પરિણામે આપણે થોડાક દિવસોમાં જ સાયકલ ચલાવતા શીખી ગયા.

સાયકલ તો ઠીક છે પણ આપણે જ્યારે શાળામાં પ્રવેશ લીધો ત્યારે સૌથી પહેલાં આડા-ઉભા લીટા કરતા શીખ્યા હતા. પછી ચોરસ, ગોળ આકૃતિઓ શીખ્યા. આપણે એકડો અનેક વાર ઘૂંટ્યો હતો પછી જ આપણે સારી રીતે લખતા શીખ્યા હતા. એ બધું એ જ દર્શાવે છે કે અભ્યાસ કરવાથી માણસ નવી વસ્તુ શીખી શકે છે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે પ્રેક્ટીસ મેઈક્સ અ મેન પરફેક્ટ. જો તમે પ્રેક્ટીસ કરતા રહેશો, અભ્યાસ કરતા રહેશો તો જ તમે પરફેક્ટ, યોગ્ય બની શકશો.

આપણે ક્રિકેટરોને જોઈએ છીએ કે તેઓ ઈન્ડીયન નેશનલ ટીમમાં સ્થાન મેળવ્યા પછી પણ સતત અભ્યાસ કરતા રહે છે. મેચ પહેલાં પણ તેઓ નેટ પ્રેક્ટીસ કરતા હોય છે. આ નેટ પ્રેક્ટીસ એટલે જ અભ્યાસ. એક વાર વિષય સમજમાં આવી જાય પછી પણ જો તેનો લાંબા સમય સુધી પુનઃ અભ્યાસ ન કરીએ તો ધીમે ધીમે તે સ્મૃતિમાંથી વિલુપ્ત થતું જાય છે, ભુલાતું જાય છે.

એટલે નવું શીખવા માટે તો અભ્યાસ જરૂરી છે જ, પણ શીખેલું જ્ઞાન સ્થિર રાખવા માટે સમયાંતરે અભ્યાસ કરતા રહેવું એટલું જ જરૂરી છે. એવી કોઈ દવા નથી કે જે આપણને અભ્યાસરૂપી શ્રમ કરવામાંથી મુક્તિ અપાવી શકે. કોઈ એવી ગોળી નથી કે એક ગોળી ખાઈએ એટલે ગણીત વિષય આવડી જાય અને બીજી ગોળી ખાઈએ એટલે વિજ્ઞાન વિષય સમજમાં આવી જાય. આવી શોધ થઈ નથી અને થવાની પણ સંભાવનાઓ નથી.

આ વાત બરાબર સમજી લો કે અભ્યાસ વગર કોઈ વ્યક્તિ સફળ થઈ શકતી નથી. જો સફળ થવું હોય તો અભ્યાસનાં મહત્વને સમજીને સંકલ્પબદ્ધ બની સતત અભ્યાસરત રહેવું જ પડશે.

(ક્રમશઃ)

**અગ્નિપથનું લવાજમ મોકલવાનું સ્થળ**

ઓ-૫૦૧, શુકન સ્કાય,
સિટી પલ્સની બાજુમાં,
કુડાસણ, તા.જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧
મોબા. ૯૭૨૭૭ ૦૦૨૦૮
e-mail : agnipathweekly@gmail.com

આપ નીચેના બેંક એકાઉન્ટમાં વાર્ષિક લવાજમ પેટે સહયોગ રાશી રૂા. ૨૦૦/- ભરી તેની જાણ અગ્નિપથને કરી શકો છો.

ખાતાનું નામ : અગ્નિપથ બેંક : યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા
શાખા : ગાંધીનગર, કરન્ટ એકાઉન્ટ નં. ૧૪૫૫૦૫૦૦૦૩૬૮૧

# સુખી થવા આયુર્વેદમાં વર્ણિત સદ્વ્રતના નિયમોનું પાલન કરો



**આયુર્વેદામૃતમ..**

**વૈદ્ય શિવમ જોશી-આર્યગ્રામ, રાંધેજા**

વિશ્વ આજે ભૌતિક સુખની પાછળ દોટ મુકી માનવતાના મૂલ્યોનું હ્રાસ કરી રહ્યું છે, બસ પૈસો જ પરમેશ્વર છે, આ પરમેશ્વરના પૂજારીઓએ નૈતિક મૂલ્યોને પણ નેવે મુકી દીધા છે. ભૌતિક સુખો પામવાની ઘેલછા મનુષ્યને શારીરિક તથા માનસિક કષ્ટોથી પીડિત કરે છે. આ કષ્ટોથી દૂર રહેવાનો ઉપાય સદ્વ્રત (સારું આચરણ) છે. સારું આચરણ કઈ રીતે કરવું એના સંદર્ભો આયુર્વેદના ઋષિકૃત શાસ્ત્રગ્રંથોમાં મળે છે.

દરેક પ્રાણીનાં બધા કાર્યો સુખની પ્રાપ્તિ કરવા માટે જ હોય છે અને આ સુખ ધર્મ વગર મળતું નથી. આરોગ્ય એ સુખરૂપ છે, તેથી આરોગ્ય પ્રાપ્તિ એ ધર્મ છે અને આયુર્વેદ એ ધર્મનું અંગ છે.

સદ્વ્રત - કાયિક, વાચિક અને માનસિક.

કાયિક સદ્વ્રત - હિંસા, ચોરી, વ્યાભિચાર ન કરવા.

વાચિક સદ્વ્રત - કઠોર વચન, અસત્યભાષણ, સંબંધ વગરનું બોલ બોલ ન કરવું.

માનસ સદ્વ્રત - બીજાનું અહિત કરવાનો વિચાર ન કરવો, ઈર્ષ્યા ન કરવી, શાસ્ત્ર વિરૂદ્ધ દૃષ્ટિ ન કરવી.

કલ્યાણ મિત્ર : આપણું કલ્યાણ કરે તેવા મિત્રોની સોબત રાખવી જોઈએ. તેથી ઉલટું પાપમિત્રોથી દૂર રહેવું જોઈએ. જે જ્ઞાનાદિનો ઉપદેશ કરે તેવા વૃદ્ધ, ગુરૂ, બ્રાહ્મણ આદિ કલ્યાણમિત્ર કહેવાય. સત્ય, પ્રેમ, કરૂણા દ્વારા પ્રતિકૂળ સ્વભાવવાળી વ્યક્તિને સ્વીકારી અનુકૂળ બનાવવો.

- **કાલે હિતં મિતં બ્રૂયાદ્ વિસંવાદિ પેશલમ્**. અર્થાત્ સમય પ્રસંગ આવે ત્યારે જ હિતકર થોડું (સમય મુજબ) સત્ય-મધુર બોલવું.
- પૂર્વાભિલાષી - મિત્રો, સંબંધિઓ મળે ત્યારે કુશળ વગેરે પૂછીને બોલવાની પહેલ કરવી.
- સામેવાળા માણસના મનનો આશય જાણી લઈને તે ખુશ થાય તેમ વર્તવું-બીજાને રીઝવવામાં કુશળ થવું.
- હું કોઈનો શત્રુ છું, કે કોઈ મારો શત્રુ છે, એવું કોઈ દિવસ કોઈની આગળ બોલવું નહીં. કોઈને પોતાનું આપમાન થયાનું જણાવવું નહીં. પોતાના શેઠ-અધિકારીની પોતાની ઉપરની નાખુશી પણ જાહેર કરવી નહીં.
- આજીવિકાનું સાધન ન હોય, રોગથી પીડિત હોય, દુઃખથી પીડિત હોય, શોકાતુર હોય તેમના દુઃખ દૂર કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરવો. જગત પરના સર્વ પ્રાણીને હંમેશા સમાન ગણવા. ભગતદ્ ગીતામાં પણ **आत्मवत सर्वभूतेषु यः पश्यति सः पश्यति** એવું જણાવેલ છે. જેમાં સમાન અર્થ થાય છે.

**હું કોઈનો શત્રુ છું, કે કોઈ મારો શત્રુ છે, એવું કોઈ દિવસ કોઈની આગળ બોલવું નથી. કોઈને પોતાનું આપમાન થવાનું જણાવવું નહીં.**

- સંપત્તિ-વિપત્તિ, સુખ-દુઃખની સ્થિતિમાં ચિત્ત (મન)ને એકસરખું રાખવું.
- ઈર્ષ્યા હેતુની કરવી, ફળની નહીં.
- સજ્જનો-ગુરૂજનોની નિંદા ન કરવી.
- લોક નિર્મિત મર્યાદાઓને ન તોડવી.
- સમયનો અધિક ત્યાગ ન કરવો.
- રાત્રિમાં અનુચિત સ્થાનમાં ન ફરવું.
- સંધ્યા કાળમાં અધ્યયન, આહાર, સ્ત્રી સેવનનો ત્યાગ કરવો.
- વિષયોને ગ્રહણ કરતી ઈન્દ્રિયોને દમવી નહીં કે વિલાસી પણ ન બનાવવી.
- વાળ-નખ-દાઢીનાં વાળ ઓછા રાખવા.
- મળ રહેવાના-નીકળવાના છિદ્રોને સ્વચ્છ રાખવા.
- દિવસમાં બે વાર સ્નાન કરવું, સ્વચ્છ વસ્ત્રો પહેરવા, ઉદ્ધત શ્રૃંગારી વસ્ત્રો ન પહેરવા.
- શરીર-વાણી-મનના કર્મો થાક લાગે તે પહેલાં બંધ કરી દેવા જોઈએ.
- બુદ્ધિશાળી માણસ માટે દરેક પ્રકારના વ્યવહારની બાબતમાં લોક સમાજ એ આચાર્ય ગુરૂ છે. તેથી લોકોમાં કોણ ? ક્યારે ? શા માટે ? શું કરે છે તેની બરાબર બુદ્ધિપૂર્વક વિચારણા કરી તેનું અનુસરણ કરવું.
- હાલમાં મારા રાત-દિવસ કેવા પસાર થઈ રહ્યાં છે તેનો હંમેશા વિચાર કરનાર પુરુષ દુઃખી થતો નથી.
- સર્વ પ્રાણીઓ ઉપર અત્યંત દયાભાવ, દાન-ત્યાગની ભાવના, શરીર-વાણી-મનનો સંયમ, બીજાના કામમાં પોતાના કામ જેવી તત્પરતા રાખવી.

આયુર્વેદમાં ઉપર વર્ણિત સદ્વ્રતના નિયમોનું પાલન કરી સમસ્ત વિશ્વ સુખ-શાંતિમય બની રહે તેવા પ્રયત્નો કરીએ.

## રોટરી ક્લબ...

(પાન-૧નું શેષ)

તે જરૂરી છે. વૃદ્ધાશ્રમને બદલે વાનપ્રસ્થ આશ્રમોમાં વૃદ્ધો નિવાસ કરવા લાગે તો કદાચ વધારે સ્વમાનભરી રીતે અને આનંદ તથા સંતોષ સાથે સ્વતંત્ર જીવન જીવવાનો અવસર મળી જાય. વાનપ્રસ્થ આશ્રમોમાં રહેતા અસમર્થ વૃદ્ધોનો ખર્ચ સમર્થ ગૃહસ્થીઓ સ્વચ્છાએ ઉપાડી લે તે આદર્શ સ્થિતિ છે. આ પ્રસંગે વડિલોએ પણ પોતાની આપવીતી જણાવી સમાજ અને યુવા વર્ગને સુધારવા કાંઈક કરવાની જરૂર હોવા ઉપર ભાર મુક્યો હતો. ચર્ચામાં રોટરી ક્લબ ઓફ કેપિટલનાં સ્થાપક પ્રમુખ શ્રી જગતભાઈ કારાણી, પૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબહેન શાહ, સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી, રોટેરીયન શ્રી પાર્થભાઈ ઠક્કર, શ્રી પ્રહલાદભાઈ પટેલ, સુશ્રી જયશ્રીબહેન ખેતીયા વગેરેએ પણ સક્રિયપણે ભાગ લઈ વડિલોના અનુભવો સાંભળીને પોતાના વિચારો રજૂ કર્યા હતા. વૃદ્ધાશ્રમનાં સંચાલક શ્રી રાજેષભાઈ ભટ્ટે પણ પોતે આ પ્રવૃત્તિ સાથે કેવી રીતે સંકળાયા તેની માહિતી આપી હતી.

## ગુજરાત પ્રાંતીય...

(પાન-૪નું શેષ)

અરવિંદભાઈ રાણા વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

શિબિર દરમ્યાન એક દિવસ સાયલામાં શોભાયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમાપન પ્રસંગે શિબિરાર્થીઓ દ્વારા તેમણે શીખેલ કળાનું ભવ્ય નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જૂનાગઢથી શ્રીમતી પ્રવીણાબહેન વાઘેલા, શ્રી દીપકભાઈ આર્ય, ધ્રાંગધ્રાથી શ્રી શશાંકભાઈ આર્ય, આણંદથી શ્રી રાજેન્દ્રસિંહ રાજ, શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી કેતનભાઈ પટેલ સહિત અનેક આર્યસમાજોમાંથી પદાધિકારીઓ શિબિરાર્થીઓને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યાં હતા.

**જૂનાગઢ ખાતે આયોજિત જુદી જુદી ઉનાળુ શિબિરોમાં**

## આર્યવીર દળ, જૂનાગઢ દ્વારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અપાયું



આર્યસમાજ, જૂનાગઢ દ્વારા સંચાલિત આર્યવીર દળનાં અધ્યક્ષ શ્રી દિપકભાઈ આર્ય દ્વારા તાજેતરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને પ્રશિક્ષણ આપાયું હતું.

પરશુરામ ફાઉન્ડેશનનાં સમર કેમ્પમાં આસન, પ્રાણાયામ, યજ્ઞ, વેસ્ટમાંથી બેસ્ટ કેવી રીતે બનાવવું વગેરે જેવા વિષયો ઉપર પ્રશિક્ષણ આપ્યું હતું.

સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા આયોજિત સમર કેમ્પમાં જૂનાગઢનાં ૪૫૦ તથા પોરબંદર જિલ્લાનાં ૩૭૫ જેટલા શિબિરાર્થીઓને આસન, પ્રાણાયામનું પ્રશિક્ષણ આપ્યું હતું.

**દર્શન યોગ મહાવિદ્યાલય દ્વારા**

## સુખી ગૃહસ્થ સુવિચાર પુસ્તક પ્રકાશિત કરાઈ



આર્યજગતનાં સુપ્રસિદ્ધ દાર્શનિક સંન્યાસી તથા દર્શન યોગ મહાવિદ્યાલયનાં નિદેશક સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક દ્વારા સુખી ગૃહસ્થ વિષય ઉપર આપવામાં આવેલા વક્તવ્યમાંથી કેટલાક પ્રેરક વાક્યોનું સંકલન કરી સુખી ગૃહસ્થ સુવિચાર પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.

દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન-રોજડ દ્વારા પ્રકાશિત આ પુસ્તકના સંકલન તથા સંપાદનનું કાર્ય ડૉ. રાધાવલ્લભ ચૌધરી દ્વારા કરવામા આવ્યું છે.

# કચ્છ સ્થિત ભવાનીપર ગુરૂકુળનો રજત જયંતિ મહોત્સવ ઉજવાશે

**પત્રકાર પરિષદમાં ગુરૂકુળનાં આચાર્ય સ્વામી શાંતાનંદજી સરસ્વતી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મંગલભાઈ ભાનુશાળી તથા પરિષદનાં મહામંત્રી શ્રી શશિકાંતભાઈ પટેલે જાણકારી આપી.**

સંસ્કૃતિ-સંસ્કારના સિંચન સાથે સમાનતા-સામાજિક સમરસતાનું શિક્ષણ આપતા અબડાસાના ભાવનીપરના વૈદિક ગુરૂકુળની સ્થાપનાના ૨૫ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે રજત જયંતિ મહોત્સવ ઉજવવાનું આયોજન કરાયું છે. જે અંતર્ગત વિશ્વ હિન્દુ પરિષદનાં સહયોગથી આગામી ૧૦મી જૂને ભવાનીપર ખાતે ૪૦૦ થી વધુ સંતોનું એક દિવસીય વિરાટ સંત સંમેલન યોજાશે. આ સંત સંમેલનમાં કચ્છભરના સાધુ સંતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાશે.

ભૂજમાં વિશ્વ હિન્દુ પરિષદનાં કાર્યાલય ખાતે એક પત્રકાર પરિષદમાં માહિતી આપતાં ગુરૂકુળનાં આચાર્ય તથા આર્યજગતનાં યુવા દાર્શનિક સંન્યાસી સ્વામી શાન્તાનંદ સરસ્વતીએ ગુરૂકૂળને માનવ નિર્માણની ફેક્ટરી સાથે સરખાવતાં કહ્યું હતું કે આજનું શિક્ષણ બાળકોને માત્ર સાક્ષર બનાવે છે. અમે અહીં વિદ્યાર્થીનાં સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન કરી રહ્યાં છીએ. વૈદિક ગુરૂકુળમાં યોગ, પ્રાણાયામ, સંસ્કૃત અભ્યાસ, શ્લોક પઠન સાથે છાત્રોને અંગ્રેજી ભાષા અને કોમ્પ્યુટરનું શિક્ષણ પણ આપવામાં આવે છે.

ગુરૂકુળનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મંગલભાઈ ભાનુશાળીએ જણાવ્યું હતું કે સંત ઓધવરામ મહારાજે વાંઢાયમાં ગુરુકુળ શરૂ કરી સામાજિક સમરસતાનો પાયો નાંખ્યો હતો, જેની પૂજ્ય રવિશંકર મહારાજે પણ પ્રસંશા કરી હતી. ઓધવરામ બાપાની પ્રવૃત્તિને લક્ષ્યમાં રાખીને ૨૫ વર્ષ પૂર્વે આ ગુરૂકુળની સ્થાપના કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ગુરૂકુળમાંથી ૪૨૫ જેટલા છાત્રો સુશિક્ષિત બનીને જીવનમાં સંતોષકારક પ્રગતિ કરી રહ્યાં છે.

પરિષદનાં મહામંત્રી શ્રી શશિકાંતભાઈ પટેલે કચ્છનાં સરહદી વિસ્તારોમાં હિન્દુ જાગરણ માટે પરિષદનાં માધ્યમથી કરવામાં આવેલ કામગીરીની વિગતો આપી હતી.

રજત જયંતિ વર્ષને સફળ બનાવવા ગ્રામજનો ઉપરાંત કચ્છી ભાનુશાળી સેવા સમાજ ટ્રસ્ટ, મુંબઈ સ્થિત ભવાનીપર પ્રગતિ મંડળ, પંછી ગૃપ, મુંબઈનાં વૈદિક પાટીદારો વગેરેનું પ્રેરક પ્રોત્સાહન અને સમર્થન મળી રહ્યું હોવાનું શ્રી મંગલભાઈ ભાનુશાળીએ જણાવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે અત્યાર ગુરૂકુળમાં ૧૮ છાત્રો વેદાભ્યાસ સાથે શિક્ષણ મોળવી રહ્યાં છે.

## યુવા દાર્શનિક સંન્યાસી સ્વામી શાંતાનંદજીની અધ્યક્ષતામાં


# ગુજરાત પ્રાંતીય આર્યવીર દળની સાત દિવસીય વાર્ષિક પ્રશિક્ષણ શિબિર સાયલા ખાતે સંપન્ન


ગત ૧ થી ૭ મે, ૨૦૧૭ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાનાં સાયલા ગામે ગુજરાત પ્રાંતીય આર્યવીર દળની વાર્ષિક પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. સાયલા સ્થિત ખ્યાતનામ શ્રી લાલજી મહારાજનાં આશ્રમમાં માર્ગદર્શનમાં આ શિબિર સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

આ શિબિરમાં દિલ્હીથી પ્રશિક્ષણ આપવા માટે ખાસ આવેલા શ્રી સત્યમજી, જામનગરના શ્રી ચંદ્રપ્રકાશજી, ટંકારાના શ્રી સુભાષભાઈ વગેરે









સ્વામી શાંતાનંદજી સરસ્વતીની અધ્યક્ષતામાં આ શિબિર યોજાઈ ગઈ. શિબિરનાં સંયોજક તરીકે આર્યસમાજ સુરેન્દ્રનગરનાં વૈદિક પ્રચારક શ્રી આર્યબંધુજીએ પોતાની સેવાઓ પ્રદાન કરી હતી. આર્યવીર દળનાં સંચાલક શ્રી હસમુખભાઈ પરમારના શિક્ષકોના કુશળ માર્ગદર્શનમાં ભારતીય વ્યાયામ, જૂડો-કરાટે, લાઠી, સૂર્ય નમસ્કાર, ડમ્બેલ્સ, લેઝીમ, આર્ચરી વગેરેનું શારીરિક પ્રશિણ આપવામાં આવ્યું હતું.

શિબિરાર્થીઓને બૌદ્ધિક પ્રશિક્ષણ આપવાનું મહત્વનું કાર્ય શિબિરાધ્યક્ષ સ્વામી શાંતાનંદજીએ સ્વયં સંભાળ્યું હતું. નાના બાળકોના બૌદ્ધિકના વર્ગોનું સંચાલન રાજકોટનાં શ્રી પ્રવીણભાઈ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ શિબિર દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાનાં પોલીસ અધિક્ષક શ્રી દીપકભાઈ મેઘાણીએ પણ એક દિવસ ઉપસ્થિત રહી શિબિરાર્થીઓને પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે મહર્ષિ દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરૂષોના જીવનમાંથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો હતો. તેમણે પોતાના વ્યાખ્યાનમાં શારીરિક વિકાસની સાથે સાથે ચારિત્રિક વિકાસ કરવા સતત પ્રયત્નશીલ રહેવા પ્રેરણા આપી હતી.

શિબિરના સમાપન પ્રસંગે ગુજરાત આર્યવીર દળનાં સંચાલક શ્રી હસમુખભાઈ પરમારે સૌને આવકાર્યા હતા. ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનાં ઉપાધ્યક્ષ આર્કિ. શ્રી અશોકભાઈ પટેલ, સૌરાષ્ટ્ર સભાનાં પ્રધાન શ્રી રણજીતસિંહ પરમાર, આર્યસમાજ આણંદનાં પ્રધાન શ્રી કનકસિંહ વાઘેલા, અગ્નિપથના માનદ્ તંત્રી શ્રી

(અનુસંધાન પાને-૩ ઉપર)

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી હરીશ રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ, જીઆઈડીસી, સેક્ટર-૨૮, જિલ્લો ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાધીનગર-૩૮૨૦૨૧ થી પ્રસિદ્ધ કર્યું. સહતંત્રી : ઉલ્લાસ વોરા

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021